
જય ભીમ

જય રોહિદાસ

# સમસ્ત બાવનગામ રોહીદાસવંશી

# ધંધુકા

## બંધારણ પુસ્તિકા



સંતશિરોમણી શ્રી રોહિદાસબાપુ

# અર્પણ

સમસ્ત બાવન ગામ રોહિદાસ વંશી સમાજના
આગેવાનો અને નાતિલાઓએ મળીને સમાજમાં એક રૂપતા
અને ભાઈચારો જાળવવા તથા સામાજિક પ્રસંગોએ
યોગ્ય માન અને મરતબો જળવાઈ રહે તે માટે
સર્વે એ મળીને સર્વાનુમતે બંધારણ
તૈયાર કરેલ છે જે સહર્ષ અર્પણ...

**સ્થળ :**
**રોહિદાસ વંશી સમાજ ચમારવાડી**
**ધંધુકા.**

સંવત ૨૦૭૦, અષાઢ સુદ નોમ
રવિવાર તા. ૬–૭–૨૦૧૪

લી.
સમસ્ત બાવન ગામ રોહિદાસ વંશી સમાજ
ધંધુકા વતી
બંધારણ કમિટિ

# પ્રસ્તાવના

સમસ્ત બાવન ગામરોહીદાસ વંશી સમાજ ધંધુકા દ્વારા સામાજિક સદભાવ વધે તથા સામાજિક રીત રિવાજો-પ્રસંગોમાં વાદ-વિવાદ કે ગેર સમજ ઉપસ્થિત ન થાય તેમજ તમામસારા-નરસા પ્રસોગોમાં એક સુત્રતા જળવાય તે આજના સમય ની જરૂરીયાત છે. જે વ્યક્તિ કે સમાજ સમયની સાથે તાલ મિલાવીને પોતાનામાં પરિવર્તન લાવતા નથી. તે વ્યક્તિ કે જાતિ સમાજ ક્યારેય પ્રગતિ કરી શકતો નથી. વર્તમાન સમયમાં દુનિયા સતત પ્રગતિ કરી રહી છે. જે લોકો જાગૃત છે, તેઓ આગળ વધી રહ્યા છે. પરંતુ આપણે સામાજિક, શૈક્ષણિક અને આર્થીક રીતે સતત પાછળ જઈ રહ્યા છીએ. તેનું મુખ્ય કારણ સામાજિક એકતા અને નેતાગિરીનો અભાવ છે. સમાજના લોકોનો સાથ અને સહયોગ મેળવીને સમાજમાં નેતાગિરી નિર્માણ કરવી જોઈએ. આ ત્યારે જ સંભવ બને કે જ્યારે જાતિ અને સમાજમાં સામાજિક રીત રિવાજોમાં એકરુપતા હોય. આપણે સર્વે બાવન ગામરોહીદાસ વંશી સમાજના લોકો એકઠા થઈ સામાંજિક એકતા સ્થાપિત કરવા આ પુસ્તીકા દ્વારા પ્રયાસ કરી રહ્યા છીએ.

વધુમાં આપણી જાતિમાં કેટલાક કુટુંબો શિક્ષણ મેળવી આર્થીક અને સામાજિક ક્ષેત્રમાં માન-સન્માન મેળવી રહ્યા છે. સાથો સાથ કેટલાક કુટુંબો વેપાર ધંધામા પણ પ્રગતિ કરી રહ્યા છે. અને હજુ પણ વધારે પ્રગતિ કરશે. પરંતુ લગભગ ૭૦ થી ૮૦ ટકા લોકો આર્થીક અને શૈક્ષણીક રીતે પછાત છે. આપણી જાતિમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. શૈક્ષણીક જાગૃતિના અભાવના કારણે સમાજમાં કુરિવાજો, અંધશ્રધ્ધ અને વ્યસનનું પ્રમાણ વધી રહ્યું છે. જેના કારણે આપણે સતત ગરીબાઈમાં ધકેલાઈ રહ્યા છીએ. સૌથી વધુ ચોંકાવનારી બાબત તો એ છે કે, દિકરીઓમાં શિક્ષણનું પ્રમાણ વધું છે. જેની સામે દિકરાઓમાં શિક્ષણનું પ્રમાણ ખુબજ ઓછું છે. જેના કારણે લગ્ન સબંધી સમસ્યાઓ વધી રહીં છે. જેથી સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધે તે માટે શિક્ષણના પ્રચાર અને પ્રસાર કરવા માટે તેમજ શૈક્ષણીક સંસ્થા નિર્માણ કરવા માટે આ પુસ્તીકા દ્વારા સારા અને નરસા પ્રસંગોએ શિક્ષણ ફંડ ઉભુ કરવા પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. જેને આપણે સાથે મળીને સફળ કરશું.

આ પ્રસંગે સંત રોહીદાસજીના વિચારોને સમજવા પ્રયત્નો કરવા જોઈએ. સંત રોહીદાસજી સામાજિક સમાનતા અને ભાઈચારો ઈચ્છતા હતા. અને તેઓ આ સબંધમાં તેમના વિચારો જોઈએ તો.........

ઐસા રાજ ચાહુ મૈં જહા સબનકો મિલે અન્ન
છોટ-બડો સબ સંગરહે રવિદાસ રહે પ્રસન્ન

સંત રોહીદાસ સમાજમાં રાજકિય સમાનતા મારફત માન સન્માન ઈચ્છતા હતા. જે અંગે આપણે સંગઠિત થઈને વિચારવાનો સમય થઈ ગયો છે.

અંતમા સમસ્ત બાવન ગામના નાતિલા અને આગેવાનો એ મળીને નવા ધારા ધોરણ બનાવ્યા છે. તેને આપણે સર્વે એ કોઈના દબાણ કે શેહ શરમમા આવ્યા સિવાય અમલ કરવાનો છે. અને આપણી સામે આવનાર તમામપડકારોનો સામનો સાથે મળીને
કરશું એવી અભ્યર્થના સાથે

લી.....
સમસ્ત બાવન ગામરોહીદાસ વંશી સમાજ
ધંધુકા વતી બંધારણ કમીટીના
જય રોહીદાસ- જય ભીમ.

# બંધારણ

**ઠરાવ નં:-૧ સગપણનો ઠરાવઃ-**

આથી ઠરાવ કરવામાં આવે છે કે સગપણ કરવા વધુમાં વધુ ૧૫ માણસો જઈ શકશે સગાઈ પેટે દિકરાના પિતા-વાલીએ રૂ.૫૧/- તથા એક શ્રીફળ આપવાનું રહેશે સગપણ કરવા આવનારા મહેમાનોને એક ટંક જમણ આપવાનું રહેશે સગપણમાં ભરેલા રૂ.૫૧/-(એકાવન) દેસમાં વળાવવાના નથી ચુંદડી, કટલરી લાવવાની છુટ છે. ગામોટને રૂ.૧૦૧/-(એક સો એક) દક્ષિણા આપવી તથા સગાઈ વખતે દિકરો સાથે લઈ જવો તે મરજિયાત છે. આ ઠરાવનો ભંગ કરનારે રૂ.૨૫૧/- નાતને દંડ આપવો પડશે સર્વાનુમતે મંજુર.

**ઠરાવ નં:-૨ કાચા સગપણનો ઠરાવઃ-**

આથી ઠરાવ કરવામાં આવે છે કે સગપણ બાદ દિકરી પક્ષ લગ્ન કરવા ઈચ્છતા ના હોય તો દિકરા પક્ષને રૂ.૧૫૦૧/-(પંદરસો એક) આપી ને ફારગતી મેળવી શકશે. અને સગાઈમાં થયેલ લેતી-દેતી દિકરા પક્ષને પરત કરવાની રેહશે. તેમજ જો દિકરા પક્ષ લગ્ન કરવા ઈચ્છતા ના હોય તો રૂ.૧૫૦૧/-(પંદરસો એક) દિકરી પક્ષને આપી ફારગતી મેળવી શકશે.

કાચુ સગપણ કરેલ દિકરીના માવતર વગર ફારગતીએ દિકરી ને બીજે વળાવશે તો રૂપિયા ૫૦૦૧/-(પાંચ હજાર એક)ની કલમ દિકરાના પિતાને આપવાના રહેશે. અને લેતી-દેતી થયેલ હશે તે પણ પરત આપવાની રહેશે દિકરા પક્ષે રૂપિયા ૫૦૦૧/-(પાંચ હજાર એક)ની રકમમાંથી રૂપીયા ૫૫૧/-(પાંચસો એકાવન) નાતના દંડ પેટે કાઢવા તેમજ વગર ફારગતીએ દિકરા પક્ષ અન્ય જગ્યાએ દિકરાનું સગપણ સંબંધ કરશે કે વિવાહ કરશે તો નાતની કલમના રૂપિયા ૫૦૦૧/-(પાંચ હજાર એક) દિકરી પક્ષને આપવાના રહશે. અને લેતી-દેતી થયેલ હશે તો પરત આપવાની રહશે. દિકરી પક્ષે કલમના રૂપિયા ૫૦૦૧/- માંથી રૂપિયા ૫૫૧/- નાતને ખર્ચ પેટે આપવાના રહેશે. આ ઠરાવનો ભંગ કરનારે નાતના દંડ પેટે રૂપિયા પાંચસો એક (૫૦૧) આપવાનો રહેશે. ઠરાવ સર્વાનુંમતે મંજુર.

**ઠરાવ નં:-3 લગ્નના ચાંદલા કરવા બાબતઃ-**

આથી ઠરાવ કરવામાં આવે છે કે જો બંને પક્ષ સહમત હોય તો સગાઈ વખતે જ ચાંદલાનું કામકાજ સાથે રાખવું. પરંતુ સગાઈ બાદ વિવાહ કરવામાં લાંબોગાળો હોય તો સગા-વહાલા, પંચ રૂબરૂ બંને પક્ષ મળીને લગ્નના ચાંદલાની તારીખ નક્કી કરશે. અને જ્યારે લગ્નના ચાંદલા લેવામાં આવે ત્યારે ઠરાવ નં.-3 થી નક્કી કરેલ દેશ રૂ.૧૩૦૦૧ માંથી હટાણા પેટે રૂ.૮૦૦૦/-(અંકે રૂપિયા આઠ હજાર) ભરવાના રહેશે. તેમજં બાકી રહેતા દેશના રૂ.૫૦૦૧/- જ્યારે વરપક્ષ જાન લઈને આવે ત્યારે માંડવામાં ભરવાના રહશે. તથા સોનાના બુટીયા નંગ-૨ (પાંચગ્રામ) તથા ચાંદીના જેર ૧૮૦ ગ્રામ(૧૮ ભાર) દિકરીના બાપને આપવાના રહેશે. આ ઠરાવનો ભંગ કરનારે નાતને રૂ. ૫૦૧/-પુરા દંડ પેટે આપવાના રહેશે. ઠરાવ સર્વાનુમતે પસાર.



રોજકા નાવામા / પરમાર

**ઠરાવ નં-૪ વિવાહ અંગેનો ઠરાવઃ-**

આથી ઠરાવ કરવામાં આવે છે કે જ્યારે દિકરા-દિકરીના લગ્ન નક્કી કરવામાં આવે ત્યારે નીચેના ધારાનો અમલ કરવાનો રહેશે.

દિકરાના બાપે દિકરીના બાપને આપવાના રહેશે. (૧) રૂ.૧૩૦૦૧ દેશ પેટે રોકડા આપવાના રહેશે. (૨) સોનાની બુટી નંગ-૨ (પાંચગ્રામ) આપવાની રહેશે. (૩) ચાંદીના જેર ૧૮૦ ગ્રામ(૧૮ ભાર) આપવાના રહેશે.

તેમજ પોટલી પેટે રૂ. ૧૫૧- અલગ આપવાના રહેશે. જેનો નીચેની વિગતે ઉપયોગ કરવાનો રહેશે.

(૧) રૂ. ૬૧/-બ્રાહ્મણની ચોરી
(૨) રૂ. ૨૫/-કાકાની (ચા)ના
(૩) રૂ. ૨૫/-મઢીના
(૪) રૂ. ૧૦/-કબુતરની ચણનાં
(૫) રૂ. ૧૦/-બારોટના
(૬) રૂ. ૧૦/-રાવજીના
(૭) રૂ. ૧૦/-પાવઈના
કુલ રૂ. ૧૫૧/-

દેશમાંથી રૂ.૧૦/- ઉધારાના તથા રૂ.૧૦/- વરના પિતા-વાલીને પાઘડીના અને રૂ.૧૦/- વરરાજાને સાલના આપવાના રહેશે. દિકરીના પિતાએ દિકરીને પાનેતર, ચપ્પલ, કટલરી, સુટકેશ તથા સોનાની કાંટી તથા ચુડી તથા પીતળની હેલ તથા દિવાધર લેવાની રહેશે. વરપક્ષ દ્વારા જાનમાં ૧૦૧ જાનૈયા લાવવાના રહેશે જેમાં ૯૦ પુરૂષ અને ૧૧ દિકરીઓ લાવવાની રહેશે. બ્રાહ્મણને ખોડના રૂ. ૩૫૧/- તેમજ ઢોલીને રૂ. ૫૦૧ આપવાના રહેશે વધુમાં જમણવારમાં દિકરી પક્ષ દ્વારા સગવડતા મુજબ આપવાનું રહેશે.

આ ઠરાવનો ભંગ કરનારે રૂ.૫૦૧/-નાતને દંડ પેટે આપવાનો રહેશે. ઠરાવ સર્વાનુંમતે પસાર મંજુર.

**ઠરાવ નં:-૫ પુનઃ લગ્ન- (ઘરઘણા) અંગેનો ઠરાવઃ-**

આથી ઠરાવ કરવામં આવે છે કે પુનઃ લગ્નનો ધારો રૂ.૧૫૦૦૧/-(અંકે રૂપિયા પંદર હજાર એક પૂરા રેહશે) દિકરા પક્ષ તરફથી તમામઘરેણાં, કપડા તથા કટલેરી લઈ જવાની રહેશે. મુરતીયા સાથે ફક્ત ૩૫ વ્યક્તિ (પાત્રીસ માણસો) લઈ જઈ શકશે. દિકરી પક્ષ તરફથી એકટંક જમણવાર આપવું, તેમજ રૂ.૧૦૧, પોટલીના અલગ લેવાના રહેશે. પોટલીનો વહેવાર સ્થાનિક પંચ કરશે. આ ઠરાવનો ભંગ કરનારે નાતને દંડના રૂ.૨૫૧ આપવાના રહેશે. ઠરાવ સર્વાનુંમતે મંજુર

**ઠરાવ નં:-૬ વિધવા કન્યા બાબતનો ઠરાવઃ-**

આથી ઠરાવ કરવામાં આવે છે કે કોઈ દિકરી વિધવા થાય તો વિધવાની ફારગતી રૂા-૫૦૦૧ (પાંચ હજાર

એક) દિકરા પક્ષને આપીને મેળવી શકશે. વિવાહ વખતના ઘરેણા દિકરી પક્ષના રહેશે. વિધવા કન્યાને કાયદેસર પુનઃલગ્ન રૂપિયા પંદર હજાર (૧૫૦૦૦)ના પારે કરવાના રહેશે, વિધવા કન્યાની ઈચ્છા હોય અને બન્ને પક્ષ સહમત હોય તો દિયરવટુ વાળી શકશે. દિયરને પત્ની હયાત હોય તો તેણીની તથા તેના માવતર પક્ષની સંમતિ લઈને દિયરવટુ વાળવાનુ રહેશે. દિયર કુંવારો હોય તો કુંવારા મસ ઉતારવાના રહેશે, દિકરી પક્ષના વાલી/પિતાને તેડાવી એક ટંક ભોજન આપી ધારાધોરણ અનુસાર ઓઢામણી પહેરામણી કરવાની રહેશે. ઉપરાંત દિકરી પક્ષને રૂા, એકાવન(૫૧) પુરા આપવાના રહેશે. આ ઠરાવનો ભંગ કરનારે રૂપિયા ૫૦૧(પાંચસો એક) દંડ પેટે આપવાના રહેશે. ઠરાવ સર્વાનુમતે મજુંર

**ઠરાવ નંઃ-૭ સવેલી કન્યા બાબતનો ઠરાવઃ-**

આથી ઠરાવ કરવામાં આવે છે કે આપણા સમાજમાં પરણાવેલી કન્યા વગર ફારગતીએ બીજે વળાવીદેવાનુ દુષણ છે. જે ખુબજ શરમજનક છે. સવેલી કન્યા આપનાર કન્યાના પિતા (વાલી) વારસો પાસેથી રૂપિયા એકાવન હજાર પુરા (૫૧૦૦૦) વસુલ કરી દિકરા પક્ષને આપવાના રહેશે. રૂા.૫૧૦૦૦/- એકાવન હજારની કલમમાંથી રૂપિયા બે હજાર (૨૦૦૦) કાઢી હાજર નાતિલા થયેલ ખર્ચ પેટે સરભર કરશે. ઠરાવ સર્વાનુમતે મંજુર.

તા.ક-(૧) રૂા.૫૧૦૦૦) એકાવન હજારની કલમઅપાવવાની જવાબદારી જેતે ગામના સ્થાનિક પંચની રહેશે.

(૨) કોઈ સંજોગોમાં દિકરી પરનાતમાં જતી રહી હોય અને તેમાં દિકરી પક્ષના વાલીવારસો-સગાસંબધીનો રાજીપો ન હોયતો હાજર નાત આગેવાનો એ યોગ્ય ન્યાય કરશે. જે બન્ને પક્ષે માન્ય રાખવાનું રહેશે. અને જો કોઈ નાંણાકીય વ્યવહાર થાય તો તેમાંથી યોગ્ય નાંણા નાતિલા એ ખર્ચ પેટે કાઢવાના રહેશે. આ ઠરાવનો ભંગ કરનારે નાત ના દંડના રૂા. (૨૦૦૦) બે હજાર આપવાના રહેશે. ઠરાવ સર્વાનુમતે મંજુર.

**ઠરાવ નંઃ-૮ મામેરા બાબતનો ઠરાવઃ-**

આથી ઠરાવ કરવામાં આવે છે કે માવતર પોતાની દિકરીના દિકરી-દિકરાના લગ્ન પ્રસંગે યથાશક્તિ પ્રમાણે મામેરૂ લઈ જઈ શકશે. પણ મામેરામાં ઓછામાં ઓછું એક સાડી તથા બ્લાઉસપીસ તથા થાળ એક તેમજ જમાઈની પાઘડી પટે રૂ.૫૧/- આપવાના રહેશે. રૂ.૧૧(અગિયાર) છાબમાં મામેરિયાએ મુકવાના રહેશે. મામા પક્ષપડાળના મામેરીયાને વળતર પેટે રૂપીયા એકાવન (૫૧) આપવાના રહશે. આ ઠરાવનો ભંગ કરનારે (૧૨૫) એકસો પચીસ નાતના દંડ પેટે આપવાના રહશે. ઠરાવ સર્વાનુંમતે મંજુર કરેલ છે.

**ઠરાવ નંઃ-૯ શ્રીમંત નો ઠરાવઃ-**

આથી ઠરાવ કરવામાં આવે છે, કે શ્રીમતમાં દિકરી પક્ષ દ્વારા યથાશક્તિ પ્રમાણે દિકરી માટે એક જોડી કપડા લઈ જવા, શ્રીમંતમાં વધુમાં વધુ અગિયયાર વ્યક્તિ (૧૧) જઈ શકશે. મહેમાનોને એક ટાઈમજમણવાર આપવું તેમજ વળતર પેટેના રૂ.૧૦ આપવાના રેહશે. વિધિકરનાર બ્રાહ્મણને ૫૧/-(એકાવન રૂ) આપવાના





રેહશે. તેમજ બીજા સાધુ-સંતો હાજર હોય તો રૂ.૧૦/- લેખે આપવાના રેહશે. શ્રીમતમાં આવેલ સ્ત્રીઓને (મહેમાન)ને રૂપિયા ૫૦ અથવા સાડીનો વ્યવહાર કરવો, બાળકોને રૂપિયા(૧૦ દશ) આપવા તેમજ કુંવારી લગ્ન લાયક દિકરીને રૂ.૨૫/-(પચીસ) આપવાના રેહશે. આ ઠરાવનો ભંગ કરનારે રૂ.૧૫૧/-(એકસો એકાવન) નાતના દંડ પેટે આપવાના રહેશે. ઠરાવ સર્વાનુંમતે મંજુર કરેલ છે.

**ઠરાવ નંઃ-૧૦ કાયમી આણાનો ઠરાવઃ-**

આથી ઠરાવ કરવામાં આવે છે કે કાયમી આણામાં દિકરી પક્ષ યથા શક્તિ પ્રમાણે ચીજ વસ્તુ અને કપડા લઈ શકશે. લગ્ન પછીની પ્રથમદિવાળી એ કાયમી આણુ મોકલી આપવાનું રહશે. વિવાહના ઉધારાના રૂ.૧૦(દશ)નો વ્યવહાર પણ કાયમી આણા વખતે સમજી લેવાનો રહશે આ ઠરાવનો ભંગ કરનારે રૂપિયા ૨૫૧/-(બસોને એકાવન) નાતના દંડ પેટે આપવાના રેહશે. ઠરાવ સર્વાનુંમતે મંજુર.

**ઠરાવ નંઃ-૧૧ જીયાણાના આણાનો ઠરાવઃ- (મરજીયાત)**

આથી ઠરાવ કરવામાં આવે છે કે દિકરીને નાનું બાળક થયા પછી જીયાણાનું આણું ઓછામાં ઓછુ છ માસ(૬) ની અંદર કરી આપવાનું રહેશે. જીયાણાનું આણું યથાશક્તિ મુજબ લઈ શકશે. આણું તેડવા પાંચ(૫) વ્યક્તિ જઈ શકશે. દિકરીના પિતા (વાલી)ને વળતરના રૂપિયા ૧૦૧/-(એકસો ને એક ) આપવાનાં રેહશે. તેમજ આવેલા મહેમાનોને એક ટંક જમણવાર આપવાનું રહેશે. આ ઠરાવનો ભંગ કરનારે રૂપિયા એકસો એકાવન(૧૫૧) નાત ના દંડ પેટે આપવાના રહશે. ઠરાવ સર્વાનુંમતે મંજુર.

**ઠરાવ નંઃ-૧૨ ઓઢામણી પહેરામણી અંગેનો ઠરાવઃ-**

આથી ઠરાવ કરવામાં આવે છે કે લગ્ન પ્રસંગ, પુનઃ લગ્ન પ્રસંગ કે શ્રીમત પ્રસંગે આવેલ પુરૂષ મહેમાનોને રૂ.પચીસ(૨૫), સ્ત્રી મહેમાનોને રૂ.૫૦/-(પચ્ચાસ) અથવા સાડી તેમજ નાના બાળકોને રૂપીયા ૧૦(દશ) લેખે તેમજ કુંવારી લગ્ન લાયક દિકરીને રૂ.પચીસ(૨૫) અને જમાઈને પહેલા-વહેલા આવે ત્યારે રૂ.૫૧(એકાવન) આપવાના રહેશે. આ ઠરાવ નો ભંગ કરનારે રૂ.૧૨૫(એકસો પચીસ) પુરા નાતને દંડ પેટે આપવાના રેહશે. ઠરાવ સર્વાનુમતે મંજુર કરેલ છે.

**ઠરાવ નંઃ-૧૩ શુભ પ્રસંગોએ મહેમાન કરવા બાબતઃ-**

આથી ઠરાવ કરવામાં આવે છે કે સગપણ, ચાંદલા, લગ્ન, પુનઃ લગ્ન, શ્રીમત જેવા પ્રસંગે ગામની, કુંટુબની દિકરી અને સગી ભાણેજને મહેમાન કરી શકશે. પરંતુ ભાણા આપવાના નથી. આ ઠરાવનો ભંગ કરનારે રૂપિયા ૧૨૫/-(એકસો પચીસ)નાત ના દંડ પેટે આપવાના રેહશે. ઠરાવ સર્વનુંમતે મંજુર.

**ઠરાવ નંઃ-૧૪ પરણેલી કન્યા ન આપવા બાબતઃ-**

આથી ઠરાવ કરવામાં આવે છે કે પરણાવેલી કન્યાને તેણીના પિતા/વાલી સાસરીયે મોકલવા ન ઈચ્છતા હોય

તો દિકરા પક્ષને રૂ. ૩૫૦૦૦/- તથા વિવાહ વખતે આપેલા દર દાગીના સગાઇ વખતની જે કાંઇ લેતી-દેતી હોય તે દિકરા પક્ષને આપીને ફારગતી મેળવી શકશે. કલમના રૂ. ૩૫૦૦૦/- માંથી રૂ. ૧૫૦૦/- કાઢી નાતના હાજર નાતીલા ખર્ચ સરભર પેટે વાપરશે. હાજર નાતીલા જો બાળ બચ્ચા હોય તો તે બાબતે બંન્ને પક્ષને સાંભળીને નિર્ણય કરશે. જે બંન્ને પક્ષને માન્ય રાખવાનું રેહશે. આ ઠરાવનો ભંગ કરનારે નાતના દંડના રૂ. ૧૦૦૧/-(એક હજાર એક) આપવાના રેહશે. જે ઠરાવ સર્વાનુંમતે મંજુર

**ઠરાવ નં:-૧૫ પરણેલી કન્યા પડી મુકવા બાબતઃ-**

આથી ઠરાવ કરવામાં આવે છે કે પરણેલી કન્યાને વરપક્ષ તેડવા ન ઇચ્છતો હોય તો રૂ. ૩૫૦૦૦/- અંકે રૂપિયા(પાંત્રીસ હજાર પુરા) દિકરીના પિતા-વાલિને આપીને ફારગતી મેળવી શકશે. લગ્નના ઘરેણા (દાગીના) દિકરી પક્ષને પરત આપવાના રહશે. કલમના રૂ. ૩૫૦૦૦/- માંથી રૂ. ૧૫૦૧/-હાજર નાતીલા ને આપવાના રહેશે જેમાંથી તેઓએ કરેલ ખર્ચ પેટે સરભર કરશે. જે ઠરાવ સર્વાનુંમતે મંજુર.

**ઠરાવ નં:-૧૬ આણા/જિયાણા બાદની ફારગતી બાબતઃ-**

આથી ઠરાવ કરવામાં આવે છે કે લગ્ન બાદ દિકરીનું આણું તેમજ જિયાણું કરી દિધેલ હોય અને બાદમાં પતિ-પત્ની વચ્ચે અણબનાવ બને તો સગા-વહાલાઓએ મળીને સમાધાન કરાવવું જોઇએ. આ માટે પ્રયત્નો કરવા છતાં સમાધાન શક્ય ન બને અને ફારગતી કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે હાજર પંચ તથા નાતિલા મળી નાતની કલમ, આણા-જિયાણા તથા જો કોઇ બાળ-બચ્ચું હોય તો તે અંગે પંચ અને નાતિલા જે નિર્ણય કરે તે દિકરા-દિકરીએ તેમજ તેમના વાલી વારસોને બંધન કરતા રહેશે. આ ઠરાવનો ભંગ કરનારે રૂ. ૧૫૦૧/- નાતના દંડ પેટે તેમજ થયેલ ખર્ચના સરભર પેટે આપવાના રહેશે. ઠરાવ સર્વાનુંમતે પસાર.

**ઠરાવ નં:-૧૭ દેશ લિધા સિવાય કન્યા દાન હોયતો તે બાબતનો ઠરાવઃ-**

આથી ઠરાવ કરવામાં આવે છે કે આપણા સમાજના અમુક વાલી પિતા પોતાની દિકરીના લગ્ન સમાજના રિવાજ મુજબનું દેશ લિધા સિવાય કન્યાદાન કરે છે. જે ધન્યવાદને પાત્ર છે, હવે આ રીતના લગ્નમાં જો દિકરા-દિકરીને અણબનાવ થાય અને દિકરી પક્ષ ફારગતી ઇચ્છે તો તેમણે દિકરી નથી દેવી તેની કલમ રૂા (૫૧૦૦૦) એકાવન હજાર રૂપિયા દિકરા પક્ષને આપીને ફારગતી લઇ શકશે. તેમજ દિકરા પક્ષને કન્યાને તેડવા ન ઇચ્છતા હોય તો તેમણે દિકરી નથી જોઇતી ની કલમ રૂા ૫૧૦૦૦ (એકાવન હજાર પુરા) (દિકરીપક્ષને) આપીને ફારગતી મેળવી શકશે.

આ કલમમાંથી રૂપિયા બે હજાર (૨૦૦૦) નાત ખર્ચના કાઢવાના રહેશે. આ ઠરાવનો ભંગ કરનારે રૂપિયા પાંચસોને એક (૫૦૧) દંડ પેટે આપવાના રહશે. ઠરાવ સર્વાનુંમતે મંજુર

**ઠરાવ નં:-૧૮ ફારગતી (છુટા છેડા) કોર્ટ બાબતઃ-**

આથી ઠરાવ કરવામાં આવે છે કે દિકરા-દિકરીના અણબનાવમાં સ્થાનિક પંચે ચર્ચા વિચારણા કરવી



સગા-વહાલા તથા નાતના આગેવાનો દ્વારા ઉકેલ લાવવા પ્રયત્નો કરવા તેમછતા દિકરા કે દિકરી પક્ષે સંતોષના થાય તો કોર્ટ કચેરીનો આશરો લેવો, ઠરાવ સર્વેનુંમતે મંજુર.

**ઠરાવ નં-૧૯ પરણેલ પુરૂષો અન્ય સ્ત્રી સાથે સંસાર વહેવારમાંડે તે અંગેનો ઠરાવઃ-**

આથી ઠરાવ કરવામાં આવે છે કે પરણેલ પુરૂષ પોતાની પત્ની હયાત હોવા છતાં અન્ય સ્ત્રી સાથે અવૈધિક સંબધ રાખે અથવા મૈત્રી કરાર કરે અને તેની પત્નીને દુઃખ આપે તેવા સંજોગોમાં આવા ગદ્દાર પતિને સબક શીખવવા ભોગ બનનાર સ્ત્રીને નાતે સાથ અને સહકાર આપવો અને સર્વ નાતીલા ભેગામળીને દિકરીને ઇન્શાફ (ન્યાય) અપાવવો તેમછતા સામેની વ્યક્તિ (પુરૂષ)ના માનેતો તેની સામે કોર્ટ કાર્યવાહીમાં સહકાર આપવો. ઉપરાંત તે પુરૂષના પિતા/વાલી વારસો અને સગાને બોલાવી ભોગ બનનાર સ્ત્રીને આર્થિક સહારાની વ્યવસ્થા કરી ન્યાય આપવાનું ઠરાવે છે. ઠરાવ સર્વાનુંમતે મંજુર.

**ઠરાવ નં-૨૦ રિસામણા અંગેનો ઠરાવઃ-**

આથી ઠરાવ કરવામાં આવે છે કે દિકરીને સાસરિયા પક્ષ તરફથીવારંવાર તેડવા આવવા છતાં સાસરે ન જતી હોય અથવા વારંવાર કોઇ કારણો સિવાય પીયર ભાગી આવતી સ્ત્રીને પુરૂષ છુટા-છેડા આપે તો ગુનેગાર ગણાશે નહિ. ઠરાવ સર્વાનુંમતે મંજુર.

**ઠરાવ નં- ૨૧ પુરૂષની ભુલબાબત અંગેના ઠરાવઃ-**

આથી ઠરાવ કરવાંમાં આવે છે કે જો કોઇ પરણેલ પુરુષ બીજી કોઇ સ્ત્રીને લઇને ભાગીજાય અથવા અન્ય સ્ત્રી સાથે લગ્ન કરે તો તેવા સંજોગોમાં તેની પરણેતર સ્ત્રી છુટા-છેડા માંગી શકશે. તેણીએ કે તેના વાલી વારસો એ કાઇ કલમઆપવાની રહેશે નહી. આવા પ્રસંગે ઉપસ્થિત પંચ અને નાતિલા તે પુરુષને ગુનેગાર ગણીને શિક્ષા કે નિર્ણય કરે તે પુરુષ તથા તેના વાલી વારસા ને બંધન કરતા રહેશે. તેમજ ફારગતી બાબતે કરેલ ઠરાવ નં. ૧૨ તથા નં. ૧૩માં નક્કી કરેલ કલમની રકમદિકરા પક્ષને આપવાની રહેશે. આ ઠરાવનો ભંગ કરનારે નાતિલાને ખર્ચ સરભર પેટે રૂ. ૨૫૦૧/- નાતના દંડ પેટે આપવાના રહેશે. ઠરાવ સર્વાનુંમતે પસાર.

**ઠરાવ નં -૨૨ (સ્ત્રીની ભુલ બાબત):-**

આથી ઠરાવ કરવામાં આવે છે કે, જો કોઇ પરણેલ સ્ત્રી પિયરેથી કે સાસરિયેથી બીજા કોઇ પુરુષને લઇને ભાગી જાયતો તે સ્ત્રી આપો આપ છુટી થઇ ગણાય. પરંતુ આવા પ્રસંગો દિકરા પક્ષ વાળાએ નાતિલા એકઠા કરી તેમને યોગ્ય ન્યાય આપવા રજૂઆત કરવી પડશે. જો દિકરા પક્ષવાળા નાત સમક્ષ આવી રજૂઆત કરે ત્યારે હાજર પંચ તથા નાતિલા મળીને નિર્ણય કરે તે સ્ત્રીના વાલી-વારસોએ માન્ય રાખવો પડશે. અને ફારગતિના ઠરાવ નં. ૧૩ની વિગતે કલમપેટે રૂ. ૩૫૦૦૦/- દિકરા પક્ષને આપવાના રહેશે જેમાંથી નાતિલાને ખર્ચ સરભર પેટે રૂ. ૨૫૦૧/- આપવાના રહેશે. આં ઠરાવનો ભંગ કરનારે નાતના દંડ પેટે

રૂ.૨૫૦૧/-રહેશે. ઠરાવ સર્વાનુંમતે પસાર.

**ઠરાવ નં-૨૩ હયાત પત્ની હોવા છતાં બીજી પત્ની કરવા બાબત ઠરાવ:-**

આથી ઠરાવ કરવામાં આવે છે કે-પરણિત પુરુષ અને પત્ની વચ્ચે સામાજિક કારણોસર તેમજ અંગત કારણોસર અથવા બે સગાઓના અણ બનાવના કારણોસર બંને પતિ-પત્નિ સાથે રહી શકે તેમ ન હોય અથવા બંને પક્ષો આ અંગે યોગ્ય ન્યાય મેળવવા નાતિલા સમક્ષ રજૂઆત ન કરતા કોર્ટમાં કેસ દાખલ કરેલ હોય તેવા સંજોગોમાં જો પુરુષ બીજી સ્ત્રી ને પત્ની તરીકે લાવવા પ્રયત્ન કરે તો તેની હયાત સ્ત્રીની ઉપર કોઇએ બીજી સ્ત્રી આપવી નહી કે મૈત્રી કરાર કરવો નહી. જો કોઇ સ્ત્રી પક્ષ દિકરી આપશે તો આપનાર અને લેનાર બંને ગુન્હેગાર ગણાશે જ્યારે આવો પ્રસંગ બને અને સ્ત્રી પક્ષ તરફથી નાત સમક્ષ રજુઆત કરવામાં આવે તો હાજર પંચ તથા નાતિલા મળીને નિર્ણય કરે તે માન્ય રાખવાનો રહેશે અને હાજર નાતિલા એ આ અંગે કઠોર નિર્ણય લેવો જેથી સમાજમાં આવો અણ બનાવ ન બને. આ ઠરાવનો ભંગ કરનારે નાતના દંડ અને ખર્ચ સરભર પેટે રૂ.૨૫૦૧/- આપવાના રહેશે. ઠરાવ સર્વાનુંમતે પસાર

**ઠરાવ નં:-૨૪ દુ:ખદ અવસાનબાદ ઉતર ક્રિયાબાબત ઠરાવ:-**

આથી ઠરાવ કરવામાં છે કે ૫૦ વર્ષ થી ઓછી ઉંમરના સ્ત્રી કે પુરૂષના દુ:ખદ અવસાન બાદ સગા-કુંટુબ પરિવારે તેમની અનુકુળતા મુજબ પાંચ,(૫) કે સાત(૭) દિવસે પાણીઢોળ રાખવુ. જેમાં શાક ખીચડીનું જમણ આપવું તેમજ સગાભાઇના સગા તેડવા અને દિકરી,ભાણેજ તથા સગાનો રૂ.૧-(એક) વહેવારનો લેવો. પિયર પક્ષ પાસેથી વાડીના રૂપિયા (દશ) ૧૦ લેવા. અને જો ૫૦ વર્ષથી ઉપરના સ્ત્રી-પુરૂષનું અવસાન થાય તો અવસાન બાદ કુંટુબ પરિવારે અનુકુળ દિવસે બારમું ઇચ્છા મુજબ રાખવુ. નાતના બંધારણ મુજબ જમણવાર આપવું.

દિકરી ભાણેજને વ્યવહારમાં સોગના રૂપિયા પચીસ (૨૫) આપવા, મોં ઢકણા પેટે વાસણ આપવું અને બીજી વાર મોં ઢકણું રાખવું નહી. ગોર-ગામોટને દિકરી સાથે વહેવાર કરવો. તેરવાછડીનો એક રૂપિયા(૧) દોરી બાંધલોજળ ભરેલો લોટો અને યથાશક્તિ પ્રમાણે દાન દક્ષિણા આપવા.

દિકરી વિધવા બને ત્યારે માવતર પક્ષે પોતમાં સાડી કાપડું લાવવા, છેલ્લુ કાપડું કે પાઘડી પિયર પક્ષે આપવું હોય તો છુટ મુકવામાં આવે છે. જે પરિવારમાં દુ:ખદ અવસાન થયુ હોય તે પરિવારની વહુ-વારૂઓને પિયરપક્ષ પોતાની દિકરીને સોગ ઉતારવાની સાડી આપી શકશે. બારોટને ૧૦૧(એકસો એક પુરા) તથા અન્ય સાધુ બ્રાહ્મણ અને મઢીના રૂપિયા ૫૦(પચાસ)નો વહેવાર સ્થાનિક પંચ કરશે. બારમુ કે પાણીઢોળમાં રૂપિયા (૧)એક મુરબ્બી ધંધુકાને નાતના ચોરાના સન્માન રૂપે પછેડીનો કરીને આપવાનો રહેશે. તા.ક. નાની ઉંમરના સ્ત્રી કે પુરૂષ કે છોકરા-છોકરીઓના અવસાનમાં જમણવારમાં ખીચડી,શાક આપવાનું રહેશે. મોટી ઉંમરના સ્ત્રી કે પુરૂષના અવસાનમાં જમણવારમાં શિરો,ખીચડી,શાક અથવા દાળભાત લાડવા આપવાના રહેશે. તેમજ જમણવાર ઘર ધણીની યથાશકિત મુજબ આપવું આ ઠરાવનો ભંગ કરનારે રૂા ૧૦૦૧ (એક હજાર એક) પુરા



નાતના દંડ પેટે આપવાના રહેશે. ઠરાવ સર્વાનુંમતે મંજુર.

**ઠરાવ નં:-૨૫ કેફી દ્રવ્યોના સેવન બાબત નિષેધ:-**

આથી ઠરાવ કરવામાં આવે છે કે કોઇ પણ સામાજીક પ્રસંગે કેફી પદાર્થ કે પીણાના સેવન સામે સખત મનાઇ કરવામાં આવે છે જે વ્યક્તિ નશીલા પદાર્થનો સેવન કરશે. તે સમાજ વિરોધી ગણાશે તેવી વ્યક્તિને કાયદાને હવાલે કરવામાં આવશે. અને નાતના દંડ ના રૂા ૫૦૧ લેવાના રહેશે ઠરાવ સર્વાનુંમતે મંજુર

**ઠરાવ નં:-૨૬ શિક્ષણ ફાળા બાબત:-**

આપણી જાતિમાં સમાજમાં સારા-નરસા પ્રસંગો જેવા કે દિકરા-દિકરીના લગ્ન પ્રસંગો નાના-મોટા વ્યક્તિઓના મૃત્યુના પ્રસંગો સૌ સાથે મળીને ઉકેલીએ છીએ. આવા પ્રસંગોએ સગા-વહાલાઓ ને તહેવારે તથા હાજર ગોર-બ્રાહ્મણને દાન-દક્ષિણાના રૂપે નાણાંકિય વ્યવહાર કરવામાં આવે છે. પરંતુ જાતિમાં સમાજમા જાગૃતિ લાવવા કોઇ જ નાણાંકિય જોગવાઇ કરવામાં આવતી નથી. જેથી સમાજમાં જાગૃતિ લાવવા શિક્ષણનો પ્રચાર અને પ્રસાર કે તેના ફેલાવામાં માટે કોઇ જ નિધી કે ફંડ એકત્ર કરવામાં આવતુ નથી. જો આવા પ્રસંગોમાં ફરજિયાત પણે ફંડ પેટે નાણાં એકત્ર કરી ફંડ મેળવવામાં આવે તો આપણાં સમાજને તેનો ઘણો ફાયદો થાય તેમ જેથી નીચે મુજબ ઠરાવ કરવામાં આવે છે.

આથી ઠરાવ કરવામાં આવે છે કે નાના કે મોટા વ્યક્તિના અવસાન બાદની ઉતરક્રિયા જેવી કે પાણીઢોળ કે બારમાં જેવા પ્રસંગો શિક્ષણ ફાળા પેટે નાના મરણ પ્રસંગે રૂ. ૨૫૧ તેમજ વૃધ્ધ અને ઘરડા મરણ પ્રસંગે રૂ. ૫૦૧/- આપવા ના રહેશે. તેમજ દિકરીના લગ્ન પ્રસંગે બંને પક્ષે મળી રૂ. ૫૦૧/- ફરજિયાત આપવાના રહેશે. પરંતુ જો કોઇ પોતાના શુભ પ્રસંગે રાજીખુશીથી વધુ ફાળો આપવો હોય તો આપી શકશે. આ ઠરાવ સર્વાનુંમતે પસાર

**ઠરાવ નં:-૨૭ (બંધારણનો અમલ બાબત):-**

આથી ઠરાવ કરવામાં આવે છે કે આ બંધારણ પુસ્તિકાના તમામઠરાવો સંવત ૨૦૭૦ અષાઢ સુદ નોમ, રવિવાર, તા-૬/૭/૨૦૧૪ના રોજથી અમલમાં આવેલા ગણાશે. બીજુ કે યાદી મુજબના બાવન ગામના જ્ઞાતિ બંધુઓ જ્યાપણ રહેતા હશે તે ગામ, શહેર, વિસ્તાર કે ચાલીમાં પણ **સમસ્ત બાવન ગામરોહીદાસ વંશી સમાજ ધંધુકાના** ધારાધોરણ પ્રમાણેજ વ્યવહાર કરવાનો રહેશે. આ ઠરાવનો ભંગ કરનારે રૂપિયા એક હજાર એક (૧૦૦૧) નાતને દંડ પેટે આપવાના રહેશે. ઠરાવ સર્વાનુંમતે મંજુર

ઉપર બંધારણ પુસ્તિકાના ઠરાવ નં ૧ થી ૨૭ સર્વે બાવન ગામના નાતીલા ભેગા મળીને કરેલ છે. તે સર્વ મંજુર છે બોલો નાત ભગવાનની જય

## ધંધુકા રોહીદાસવંશી સમાજ મીરાવાડી ધંધુકા તથા બાવનગામ સમસ્ત

## કિમિટિના આગેવાનોની યાદી

(૧) મકવાણા મુળજીભાઈ લધરભાઈ ધંધુકા
(૨) મકવાણા મગનભાઈ ખુડાભાઈ ધંધુકા
(૩) રાસમિયા છગનભાઈ મોતીભાઈ
(૪) મકવાણા નથુભાઈ કલ્યાણભાઈ
(૫) ઝાલા ડાહ્યાભાઈ સામાભાઈ
(૬) ઝાલા રણછોડભાઈ રત્નાભાઈ
(૭) મકવાણા લખાભાઈ જેઠાભાઈ ધંધુકા
(૮) મકવાણા વેલાભાઈ ગોવિંદભાઈ ધંધુકા
(૯) મકવાણા મનસુખભાઈ ડુંગરભાઈ ધંધુકા
(૧૦) મકવાણા કનુભાઈ નાથાભાઈ
(૧૧) દામોદરભાઈ ખુડાભાઈ
(૧૨ ઝાલા નાથાભાઈ વશરામભાઈ
(૧૩) ઝાલા વિનુભાઈ દલાભાઈ
(૧૪) રાસમિયા નટવરભાઈ દેવજીભાઈ
(૧૫)રાસમિયા વિરાભાઈ વશરામભાઈ
(૧૬)રાસમિયા પિરૂભાઈ અલ્લુભાઈ
(૧૭) મકવાણા નાગરભાઈ પરમાભાઈ
(૧૮)રાસમિયા પરષોતમભાઈ મોહનભાઈ
(૧૯)ઝાલા પરષોતમભાઈ ઉકાભાઈ

**(૧)અડવાળ કમિટી:-**
(૧૯) દિનેશભાઈ સોમજીભાઈ મકવાણા
(૨૦)હમીરભાઈ મોહનભાઈ મકવાણા

**(૨) ભડીયાદ કમિટી:-**
(૨૧) પરમાર મહેશભાઈ લાલજીભાઈ
(૨૨) પરમાર અરજણભાઈ નારણભાઈ

**(૩) પોલારપુર:-**
(૨૩) ચાવડા મથાભાઈ મોતીભાઈ
(૨૪) ચાવડા ઇશ્વરભાઈ વશરામભાઈ

**(૪) ગુંજાર:-**
(૨૫) વાઘેલા ગણેશભાઈ ભવાનભાઈ
(૨૬) વાઘેલા અરવિંદભાઈ કલ્યાણભાઈ

**(૫) બરવાળા:-**
(૨૭) ચાવડા કલ્યાણભાઈ મનજીભાઈ
(૨૮) ચાવડા રામજીભાઈ હિરાભાઈ

**(૬) કંથારિયા:-**
(૨૯) વાઘેલા કરશનભાઈ ગણેશભાઈ
(૩૦) કોરડીયા રૂપાભાઈ શિવાભાઈ

**(૭) બાજરડા:-**
(૩૧) સોલંકી ભિખાભાઈ બેચરભાઈ
(૩૨) સોનારા આલજીભાઈ પરમાભાઈ

**(૮) બળોલ:-**
(૩૩) ચાવડા મગનભાઈ પેથાભાઈ
(૩૪) ચાવડા કાનજીભાઈ મોતીભાઈ

**(૯) વાસણા:-**
(૩૫) સોનારા પ્રવિણભાઈ ભવાનભાઈ
(૩૬) સોનારા ખોડાભાઈ પોપટભાઈ

**(૧૦) આંબલી:-**
(૩૭) સોનારા રાજાભાઈ વેલાભાઈ
(૩૮) સોનારા સોમાભાઈ મોહનભાઈ

**(૧૧) તથા અન્ય ગામડાના આગેવાનો :-**
(૩૯) મકવાણા દિનેશભાઈ ભાણજીભાઈ- દેવળીયા
(૪૦) રાઠોડ અમૃતભાઈ કાનજીભાઈ- હડાળા
(૪૧) ઝાલા પ્રવિણભાઈ મનજીભાઈ- કેદરા
(૪૨) વાઘેલા દલપતભાઈ મોતીભાઈ- રંગપુર
(૪૩) સોલંકી રણછોડભાઈ આલજીભાઈ- ઉંચડી
(૪૪) કોરડીયા મોહનભાઈ દાનાભાઈ- જશાપુર
(૪૫) વાઘેલા ભાનુભાઈ પાલાભાઈ- બરાનિયા
(૪૬) વાઘેલા નથુભાઈ મોતીભાઈ- બરાનિયા
(૪૭) ચાવડા નટુભાઈ મોતીભાઈ- બરવાળા
(૪૮) કોરડીયા રામજીભાઈ ગોવિંદભાઈ- ઉંચડી
(૪૯) ઝાલા હીરાભાઈ બાલાભાઈ- હેબતપુર
(૫૦) ઝાલા બળદેવભાઈ પનાભાઈ- હેબતપુર
(૫૧) ગેડીયા કાળુભાઈ મુળજીભાઈ- બાજરડા
(૫૨) સોલંકી લાલજીભાઈ નથુભાઈ- વાગડ



# સમસ્ત બાવનગામ રોહીદાસવંશી સમાજ, ધંધુકા.
## ગામ આગેવાનોની યાદી

### (૧) ધંધુકા :-

મકવાણા ભવાનભાઈ લધરભાઈ
મકવાણા બચુભાઈ કરશનભાઈ
મકવાણા મોતીભાઈ રામાભાઈ
મકવાણા ભવાનભાઈ ડાહ્યાભાઈ
મકવાણા જીતુભાઈ ખીમાભાઈ
મકવાણા ઉજમશીભાઈ મંગળભાઈ
મકવાણા મથુરભાઈ મોહનભાઈ
મકવાણા પોપટભાઈ ડાહ્યાભાઈ
મકવાણા લાલજીભાઈ મોહનભાઈ
મકવાણા દલપતભાઈ નાથાભાઈ
મકવાણા હમીરભાઈ દલાભાઈ
મકવાણા નથુભાઈ વાલાભાઈ
મકવાણા મુળજીભાઈ અમરાભાઈ
મકવાણા દિપકભાઈ અમરાભાઈ
મકવાણા મગનભાઈ મોહનભાઈ
મકવાણા મુળજીભાઈ ડાહ્યાભાઈ
મકવાણા અમૃતભાઈ માલાભાઈ
મકવાણા કાળુભાઈ જેઠાભાઈ
મકવાણા પ્રવિણભાઈ મગનભાઈ
મકવાણા પરષોતમભાઈ ખીમાભાઈ
મકવાણા મગનભાઈ ડુંગરભાઈ
રાસમિયા નટવરભાઈ વાલજીભાઈ
મકવાણા બિજલભાઈ મોહનભાઈ
પરષોતમભાઈ ડાહ્યાભાઈ રાસમિયા
મનજીભાઈ લખમણભાઈ રાસમિયા
મગનભાઈ પરમાભાઈ રાસમિયા
વસંતભાઈ હરજીભાઈ રાસમિયા
ગૌતમભાઈ કલ્યાણભાઈ રાસમિયા
મુળજીભાઈ લખાભાઈ રાસમિયા
ખોડાભાઈ વશરામભાઈ રાસમિયા
કાળુભાઈ અલ્લુભાઈ રાસમિયા
અનિલભાઈ જેઠાભાઈ રાસમિયા
ભવાનભાઈ પુનાભાઈ રાસમિયા
સનતભાઈ દેવજીભાઈ રાસમિયા
કલ્યાણભાઈ મોહનભાઈ રાસમિયા
નાગરભાઈ ડુંગરભાઈ રાસમિયા
કાળુભાઈ કલ્યાણભાઈ રાસમિયા
મનસુખભાઈ છગનભાઈ રાસમિયા
ભીખુભાઈ છગનભાઈ રાસમિયા
દીપકભાઈ કલ્યાણભાઈ રાસમિયા
ઝાલા ભીમાભાઈ મથાભાઈ
ઝાલા મગનભાઈ અમરાભાઈ
ઝાલા કાન્તીભાઈ તુલસીભાઈ
ઝાલા પ્રેમજીભાઈ ડાહ્યાભાઈ
ઝાલા બાબુભાઈ ભીમાભાઈ
ઝાલા જેંયતિભાઈ પાલાભાઈ
ઝાલા નટવરભાઈ નાથાભાઈ

પસોહીના ચાર ભાઈઓની યાદી

## (૨) અડવાળ:-

મકવાણા રામજીભાઈ નાગજીભાઈ
મકવાણા સોમાભાઈ હમીરભાઈ
મકવાણા મગનભાઈ ઝવેરભાઈ
મકવાણા લક્ષ્મણભાઈ વાલજીભાઈ
મકવાણા હરીભાઈ મંગાભાઈ
મકવાણા ગણેશભાઈ હીરાભાઈ
મકવાણા ભીમજીભાઈ નાથાભાઈ
મકવાણા હરખાભાઈ દાનાભાઈ

## (૩) ગુંજાર:-

વાઘેલા કેશવભાઈ પિતાંબરભાઈ
વાઘેલા રતિલાલ પાપટભાઈ
વાઘેલા નારણભાઈ હમીરભાઈ
વાઘેલા દિનેશભાઈ કલ્યાણભાઈ
વાઘેલા મગનભાઈ મોહનભાઈ
વાઘેલા દીપકભાઈ હરીશભાઈ
વાઘેલા મેંનુભાઈ મોહનભાઈ

## (૪) ભડીયાદ:-

પરમાર પિતાંબરભાઈ ગોંવિદભાઈ
પરમાર ભાણજીભાઈ મોહનભાઈ
પરમાર ગોરાભાઈ દલાભાઈ
પરમાર મેહુલભાઈ લાલજીભાઈ
પરમાર નટુભાઈ કલ્યાણભાઈ
પરમાર ઈશ્વરભાઈ નારણભાઈ
પરમાર લાલજીભાઈ છગનભાઈ
પરમાર રામજીભાઈ માનાભાઈ

પરમાર નાગરભાઈ ગોંવિદભાઈ
પરમાર નરસિંહભાઈ ઉકાભાઈ

## (૫) પોલારપુર:-

ચાવડા કુબેરભાઈ ગોંવિદભાઈ
ચાવડા વાઘાભાઈ કેહરભાઈ
ચાવડા નારણભાઈ મોતીભાઈ
ચાવડા ખોડાભાઈ ધનાભાઈ
ચાવડા પોપટભાઈ ધનાભાઈ-અમદાવાદ
ચાવડા નાનજીભાઈ અમરાભાઈ-અમદાવાદ
ચાવડા વિઠ્ઠલભાઈ ઘેલાભાઈ-અમદાવાદ
ચાવડા ગણેશભાઈ મોહનભાઈ
ચાવડા પરસોતમભાઈ કાળુભાઈ
ચાવડા લીમાભાઈ ગોંવિદભાઈ
ચાવડા ભગવાનભાઈ જેહાભાઈ
ચાવડા ભલુભાઈ નાનુભાઈ
ચાવડા હીરીલાલ રામજીભાઈ (અમદાવાદ)
ચાવડા માવજીભાઈ નનુભાઈ (અમદાવાદ)

## (૬) બરવાળા:-

ચાવડા રામજીભાઈ રાજાભાઈ
ચાવડા ભલાભાઈ જહાભાઈ
ચાવડા જગદીશભાઈ મોતીભાઈ
ચાવડા રતિલાલ ગોંવિદભાઈ
ચાવડા ગિરિશભાઈ કલ્યાણભાઈ
ચાવડા અમરશીભાઈ હરીભાઈ
ચાવડા કાંતિભાઈ ગોંવિદભાઈ
ચાવડા પુજાભાઈ નાનજીભાઈ
ચાવડા પ્રવિણભાઈ ગીગાભાઈ
ચાવડા નરસિંહભાઈ મોતીભાઈ



ચાવડા મંગળભાઈ કાનાભાઈ
ચાવડા વજુભાઈ કાનજીભાઈ
ચાવડા લક્ષ્મણભાઈ મથાભાઈ
ચાવડા કાળુભાઈ ગલાભાઈ (અમદાવાદ)
ચાવડા ઈશ્વરભાઈ જીવાભાઈ
ચાવડા પુંજાભાઈ ગોંવિદભાઈ
ચાવડા રતિલાલ જીવાભાઈ
ચાવડા લલિતભાઈ મોતીભાઈ
ચાવડા દિલીપભાઈ રાઘવભાઈ
ચાવડા કેશવભાઈ મોતીભાઈ

## (૭) કંથારીયા:-

પારઘી ચતુરભાઈ લખાભાઈ
પારઘી કરશનભાઈ સામજીભાઈ
પારઘી ભોજાભાઈ મોતીભાઈ
પારઘી જેઠાભાઈ ભલુભાઈ
પારઘી જગાભાઈ ભાણાભાઈ
પારઘી ધનાભાઈ વાઘાભાઈ
પારઘી અશોકભાઈ જીવાભાઈ
કોરડીયા બેચરભાઈ કાનજીભાઈ
કોરડીયા રતિલાલ ડાહ્યાભાઈ
કોરડીયા ભીખાભાઈ બીજલભાઈ
કોરડીયા કાંતીભાઈ અરજણભાઈ
કોરડીયા પિતાંબરભાઈ માવજીભાઈ
કોરડીયા ગાંડાલાલ જેઠાભાઈ
વાઘેલા જેઠાભાઈ હરજીભાઈ
વાઘેલા ગોંવિદભાઈ નાથાભાઈ
વાઘેલા હરિભાઈ રામાભાઈ

વાઘેલા મોહનભાઈ દેવજીભાઈ
વાઘેલા અરવિંદભાઈ નગાભાઈ
વાઘેલા રમેશભાઈ પિતામ્બરભાઈ
પરમાર આલજીભાઈ જીવણભાઈ
પરમાર ભરતપુરી કાનજીભાઈ તેજાણી
પરમાર સામજીભાઈ નરસિંહભાઈ
પરમાર કાંતિભાઈ રેવાભાઈ
મકવાણા જગાભાઈ દેવજીભાઈ
વાઘેલા ડાહ્યાભાઈ જેઠાભાઈ

## (૮) બાજરડા:-

ડેડીયા હીરાભાઈ મુળાભાઈ
ડેડીયા મોતીભાઈ મનજીભાઈ
ડેડીયા ડાહ્યાભાઈ નરસિંહભાઈ
સોલંકી દુદાભાઈ દેહાભાઈ
સોલંકી ભવાનભાઈ જેઠાભાઈ
સોલંકી જસાભાઈ ચતુરભાઈ
સોલંકી કરશનભાઈ હમીરભાઈ
સોલંકી માલાભાઈ બેચરભાઈ
સોલંકી મીઠાભાઈ અરજણભાઈ
સોલંકી ભીખાભાઈ રાજાભાઈ
સોલંકી ભવાનભાઈ લક્ષ્મણભાઈ
સોલંકી ગિરીશભાઈ મોતીભાઈ
સોલંકી રામજીભાઈ અમરાભાઈ
પરમાર ગણેશભાઈ પરમાભાઈ
પરમાર જગદીશભાઈ હરજીભાઈ
સોનારા કલ્યાણભાઈ પરમાભાઈ

સોનારા કાળુભાઈ પરમાભાઈ
સોનારા હિમ્મતલાલ છગનભાઈ
સોનારા દિપકભાઈ શિવાભાઈ

## (૯) કેદરા:–

વાઘેલા તુલસીભાઈ વિરાભાઈ
વાઘેલા મોહનભાઈ કાળુભાઈ
વાઘેલા જગદીશભાઈ તુલશીભાઈ
ઝાલા કાળુભાઈ મંગાભાઈ
પરમાર દલાભાઈ દુદાભાઈ
વાઘેલા સુરેશભાઈ ડાહ્યાભાઈ
વાઘેલા તુલશીભાઈ મગનભાઈ
પરમાર ધુડાભાઈ જીવાભાઈ
પરમાર આલજીભાઈ રાજાભાઈ

## (૧૦) રંગપુર:–

વાઘેલા રામજીભાઈ મઘાભાઈ
વાઘેલા નાગરભાઈ મઘાભાઈ
વાઘેલા રૂપાભાઈ મોતીભાઈ
વાઘેલા લાલજીભાઈ રેવાભાઈ
વાઘેલા દિનેશભાઈ રેવાભાઈ
વાઘેલા મનસુખભાઈ મોતીભાઈ
વાઘેલા અરવિંદભાઈ ભવાનભાઈ
વાઘેલા દિલીપભાઈ લાલજીભાઈ
કોરડીયા ખુશાલભાઈ કાળુભાઈ

## (૧૧) રાયકા:–

પરમાર લક્ષ્મણભાઈ રણછોડભાઈ
પરમાર રતિલાલ કાળુભાઈ
પરમાર સોમાભાઈ હીરાભાઈ

સોનારા મહેશ ઉકાભાઈ
સોનારા હમીરભાઈ રાજાભાઈ
સોલંકી પ્રતાપભાઈ વશરામભાઈ
સોનારા મગનભાઈ કાળુભાઈ
સોલંકી મનોજભાઈ મોતીભાઈ
સોલંકી ગુલાબભાઈ છગનભાઈ
સોનારા ગૌતમભાઈ મોહનભાઈ
સોનારા દેવજીભાઈ મીઠાભાઈ
સોલંકી લવજીભાઈ માવજીભાઈ
પરમાર નાગરભાઈ પુજાભાઈ

## (૧૨) વાગડ:–

સોલંકી હરીભાઈ લધરભાઈ
સોલંકી પોપટભાઈ ભીખાભાઈ
સોલંકી છગનભાઈ લાખાભાઈ
સોલંકી કાંતિભાઈ જહાભાઈ
સોલંકી દલાભાઈ ભલાભાઈ
સોલંકી મનસુખભાઈ લક્ષ્મણભાઈ
સોલંકી હસમુખભાઈ દેવજીભાઈ
સોલંકી જગદીશભાઈ નાથાભાઈ

## (૧૩) વાસણા:–

સોનારા મોહનભાઈ સવાભાઈ
સોનારા નાથાભાઈ ડાહ્યાભાઈ
સોનારા હરજીભાઈ છગનભાઈ
સોનારા બિજલભાઈ ભીખાભાઈ
સોનારા ધનજીભાઈ પોપટભાઈ
સોનારા કાનજીભાઈ રેવાભાઈ
સોનારા નટવરભાઈ નારાયણ



સોનારા મંગાભાઈ અમરાભાઈ
વાઘેલા હરીભાઈ ધનજીભાઈ
વાઘેલા દેવજીભાઈ મીઠાભાઈ

## (૧૪) ઉચડી:–

પરમાર ગુલાબરાય માલાભાઈ
પરમાર કિશોરભાઈ હરજીભાઈ
પરમાર પુજાભાઈ મોહનભાઈ
પરમાર કેશવભાઈ માલાભાઈ
પરમાર મુળજીભાઈ રાજાભાઈ
પરમાર મોહનભાઈ ગોંવિદભાઈ
સોલંકી મુળજીભાઈ કરશનભાઈ

## (૧૫) હડાળા:–

રાઠોડ રામજીભાઈ કરશનભાઈ
રાઠોડ જેરામભાઈ કાનજીભાઈ
રાઠોડ જેઠાભાઈ રણછોડભાઈ
રાઠોડ ચંદુભાઈ મોહનભાઈ

## (૧૬) આંબળી:–

સોનારા નાથાભાઈ જેઠાભાઈ
સોનારા પરમાભાઈ વેલાભાઈ
સોનારા જીવાભાઈ મંગળભાઈ
સોનારા કાળુભાઈ વાલાભાઈ
સોનારા સવજીભાઈ પરમાભાઈ
સોનારા કરશનભાઈ શિવાભાઈ
સોનાર જેરામભાઈ કરશનભાઈ
સોનારા આલજીભાઈ કરશનભાઈ

## (૧૭) છશીયાણા:–

વાઘેલા જેરામભાઈ કલાભાઈ
વાઘેલા દેવજીભાઈ છગનભાઈ
વાઘેલા નટુભાઈ ગોંવિદભાઈ
વાઘેલા પ્રેમજીભાઈ ભિમાભાઈ
વાઘેલા પાલાભાઈ સુંથાભાઈ
વાઘેલા ઇશ્વરભાઈ ગોંવિદભાઈ
વાઘેલા ધનજીભાઈ કે
વાઘેલા બળવંતભાઈ સુંદરભાઈ
વાઘેલા છગનભાઈ ત્રીકમભાઈ
વાઘેલા મહેશભાઈ લાલજીભાઈ
વાઘેલા બાલુભાઈ રામજીભાઈ
વાઘેલા જંયતીભાઈ મંગળભાઈ
વાઘેલા ચંદુભાઈ કેશાભાઈ
વાઘેલા કેશાભાઈ વેલાભાઈ

## (૧૮) પીપળ:–

સાંગઠીયા ખોડાભાઈ લાલજીભાઈ
સાંગઠીયા અમરાભાઈ નાથાભાઈ
સાંગઠીયા ગોંવિદભાઈ કુબેરભાઈ
ચાવડા કલ્યાણભાઈ ગણેશભાઈ
ચાવડા દેવજીભાઈ લધરભાઈ
ચાવડા પ્રવિણભાઈ ગોંવિદભાઈ
ચાવડા બેચરભાઈ રામાભાઈ
ચાવડા વિનોદભાઈ કિશનસિંહ
ચાવડા કાનજીભાઈ લાલજીભાઈ
ચાવડા મોહનભાઈ ગણેશભાઈ

## (૧૯) આકરૂ:–

ચાવડા ખીમાભાઈ મંગળભાઈ
ચાવડા પ્રવિણભાઈ મંગળભાઈ

ચાવડા ખુશાલભાઇ ભવાનભાઇ
ચાવડા ભગવાનભાઇ વશરામભાઇ
ચાવડા તળસીભાઇ મોહનભાઇ
ચાવડા નાગરભાઇ અમરાભાઇ
ચાવડા મનજીભાઇ રામજીભાઇ
પરમાર મંગાભાઇ ભાખાભાઇ

## (૨૦)બળોલ (ફોજદાર):–

ચાવડા પેથાભાઇ નાથાભાઇ
ચાવડા માવજીભાઇ મોહનભાઇ
ચાવડા સામજીભાઇ મઘાભાઇ
ચાવડા હિરાભાઇ અમરાભાઇ
ચાવડા જગદીશભાઇ વશરામભાઇ
ચાવડા કનુભાઇ પાલાભાઇ

## (૨૧) હેબતપુર:–

ઝાલા નાથાભાઇ કાળુભાઇ
ઝાલા કાળુભાઇ મઘાભાઇ
ઝાલા મુળજીભાઇ ડાહ્યાભાઇ
ઝાલા ગગજીભાઇ વીરાભાઇ
ઝાલા બાબુભાઇ બિજલભાઇ
ઝાલા આલજીભાઇ ભીખાભાઇ
ઝાલા રામજીભાઇ મઘાભાઇ
ઝાલા ઓધાભાઇ લખમણભાઇ
ઝાલા બુધાભાઇ અદાભાઇ
ઝાલા જીવાભાઇ વાલાભાઇ

## (૨૨) બરાનીયા:–

વાઘેલા પ્રવિણભાઇ પુંજાભાઇ
વાઘેલા બેચરભાઇ ભાણાભાઇ
વાઘેલા લાલજીભાઇ પુંજાભાઇ
વાઘેલા લક્ષ્મણભાઇ પાલાભાઇ
વાઘેલા કરશનભાઇ પીઠાભાઇ

## (૨૩)મીઠાપુર:–

મહેરીયા ચતુરભાઇ નથુભાઇ
મહેરીયા ભરતભાઇ નાનજીભાઇ
મહેરીયા દેવજીભાઇ અમરાભાઇ
મહેરીયા દલાભાઇ વસતાભાઇ
મહેરીયા વાલજીભાઇ મોહનભાઇ
મહેરીયા ભીખાભાઇ હીરાભાઇ
મહેરીયા ખાનાભાઇ માલાભાઇ
મહેરીયા છન્નાભાઇ નાનજીભાઇ
મહેરીયા ગણપતભાઇ માલાભાઇ
મહેરીયા બધાભાઇ માલાભાઇ
મહેરીયા ભીમાભાઇ ગોંવિદભાઇ

## (૨૪) લોલિયા :–

પરમાર કરશનભાઇ ડાહ્યાભાઇ
પરમાર વાલાભાઇ ગોંવિદભાઇ
પરમાર પરમાભાઇ લધરભાઇ
પરમાર બળદેવભાઇ દાનાભાઇ
પરમાર ડુંગરભાઇ ભગાભાઇ
પરમાર વસરામભાઇ ઉકાભાઇ
પરમાર કાળુભાઇ હરીભાઇ
પરમાર ગણેશભાઇ મીઠાભાઇ
પરમાર પિતાંબર ભવાનભાઇ



## (૨૫) રામપરા :–

ચાવડા વિરાભાઇ ધનાભાઇ
ચાવડા પરષોતમભાઇ કાનજીભાઇ

## (૨૬) ધોળી:–

પરમાર આલજીભાઇ હરજીભાઇ
પરમાર મુળજીભાઇ હરજીભાઇ
પરમાર નાગરભાઇ ડાહ્યાભાઇ
પરમાર ગોંવિદભાઇ હરજીભાઇ
પરમાર દિનેશભાઇ લાખાભાઇ
પરમાર માવજીભાઇ હરજીભાઇ
વાઘેલા પાલાભાઇ બીજલભાઇ

## (૨૭) ઓતારિયા:–

ચાવડા મનજીભાઇ દાનાભાઇ
ચાવડા નાથાભાઇ લાલજીભાઇ
ચાવડા વસરામભાઇ દાનાભાઇ
ચાવડા દેવજીભાઇ દાનાભાઇ
ચાવડા દલાભાઇ લાલાભાઇ

## (૨૮) ચોકડી:–

વઢવાણા પરમાર મનજીભાઇ લખાભાઇ
પરમાર ગણેશભાઇ સુંથાભાઇ
પરમાર ગાંડાલાલ મનજીભાઇ
પરમાર ત્રિકમભાઇ રાજાભાઇ
પરમાર કાળુભાઇ દાનાભાઇ
પરમાર નરસિંહભાઇ વશરામભાઇ
પરમાર બળવનભાઇ રામજીભાઇ
પરમાર હરેશભાઇ વાલજીભાઇ
પરમાર અમરશી સુંથાભાઇ

## (૨૯) રોજકા:–

પરમાર ડાહ્યાભાઇ હીરાભાઇ
પરમાર નાથાભાઇ હરજીભાઇ
પરમાર કાળુભાઇ વશરામભાઇ
પરમાર મનુભાઇ નરસિંહભાઇ
પરમાર રવજીભાઇ નાગરભાઇ
પરમાર પરષોતમભાઇ હીરાભાઇ
પરમાર સવજીભાઇ કુબેરભાઇ
સોલંકી મુળજીભાઇ રામજીભાઇ
પરમાર જેઠાભાઇ નરસિંહભાઇ

## (૩૦) મોરશીયા :–

મકવાણા દલાભાઇ ગોંવિદભાઇ
મકવાણા મુળજીભાઇ હરીભાઇ
મકવાણા વાલજીભાઇ હરીભાઇ
મકવાણા ધનજીભાઇ કરશનભાઇ

## (૩૧) વનાળા :–

વાઘેલા લધરભાઇ રણછોડભાઇ
વાઘેલા જેરામભાઇ વેલાભાઇ
વાઘેલા રામજીભાઇ ત્રીકમભાઇ
વાઘેલા નરસિંહભાઇ મોહનભાઇ
વાઘેલા ભલાભાઇ ભવાનભાઇ
વાઘેલા દિપકભાઇ દાનાભાઇ
વાઘેલા ગલાભાઇ રણછોડભાઇ
પરમાર ધનજીભાઇ રમેશભાઇ

## (૩૨) પરછમ:–

ઝાલા માલાભાઇ વશરામભાઇ

ઝાલા ભવાનભાઈ દાનાભાઈ
ઝાલા ધનાભાઈ ગોંવિદભાઈ

**(૩૩) ગાંફ :-**

મોતીભાઈ લઘરભાઈ
અજુભાઈ લઘરભાઈ
ગોંવિદભાઈ વેલાભાઈ

**(૩૪) ગોરાસુ :-**

સાંગઠીયા હરજીભાઈ ઉકાભાઈ
સાંગઠીયા ખીમજીભાઈ જીવાભાઈ
સાંગઠીયા નાથાભાઈ હરજીભાઈ
સાંગઠીયા શિવાભાઈ જીવાભાઈ

**(૩૫) દેવળીયા :-**

મકવાણા ગેલાભાઈ ગગજીભાઈ
સુમેરા આલજીભાઈ ભોજાભાઈ
સુમેરા કાળુભાઈ મુળજીભાઈ
મકવાણા સુરેશભાઈ ભાણજીભાઈ
મકવાણા હરીભાઈ વિરમભાઈ
સુમેરા નાગરભાઈ મુળજીભાઈ
મકવાણા દિનેશભાઈ અમરશીભાઈ
સુમેરા કુબેરભાઈ કાળુભાઈ
મકવાણા વિરમભાઈ ગગજીભાઈ

**(૩૬) જશાપર:-**

કોરડીયા ખોડાભાઈ હરજીભાઈ
કોરડીયા રામજીભાઈ નાનજીભાઈ
કોરડીયા ભરતભાઈ ડાહ્યાભાઈ

**(૩૭) પીપળ:-**

કોરડીયા રમેશભાઈ આલજીભાઈ

કોરડીયા પરષોતમભાઈ નાનજીભાઈ
કોરડીયા કરશનભાઈ ઘુડાભાઈ
કોરડીયા પ્રવિણભાઈ હીરાભાઈ
કોરડીયા ભરતભાઈ આલજીભાઈ
કોરડીયા માવજીભાઈ નાનજીભાઈ

**(૩૮) સોનાઠા :-**

કોરડીયા આલજીભાઈ જગાભાઈ
કોરડીયા કાનજીભાઈ જગાભાઈ
કોરડીયા જહાભાઈ જેઠાભાઈ
કોરડીયા રૂપાભાઈ લખમણભાઈ
કોરડીયા નટવરભાઈ ગેલાભાઈ
કોરીડીયા તુલસીભાઈ કાનજીભાઈ

**(૩૯) જાળીયા :-**

મકવાણા કરશનભાઈ હીરાભાઈ
મકવાણા બેચરભાઈ હીરાભાઈ
મકવાણા નિલેષભાઈ રવજીભાઈ

**(૪૦) અણદપર:-**

વાઘેલા બાબુભાઈ રવજીભાઈ
વાઘેલા ગોંવિદભાઈ રવજીભાઈ
વાઘેલા રમેશભાઈ બાબુભાઈ

**(૪૧) ફતેપુરા:-**

ચાવડા સામજીભાઈ મોતીભાઈ
ચાવડા જેઠાભાઈ સુંથાભાઈ
પરમાર પ્રવિણભાઈ ઘુડાભાઈ

**(૪૨) હરીપુરા:-**

ઘુડાભાઈ જેઠાભાઈ
ભાણજીભાઈ ઘુડાભાઈ



**(૪૩) વખતપર:-**

પરમાર કાળુભાઈ છગનભાઈ

**(૪૪) સોઢી:-**

સોલંકી દાનાભાઈ મોહનભાઈ
સોલંકી નારણભાઈ અરજણભાઈ
સોલંકી કલાભાઈ લઘરભાઈ
આંબાભાઈ આલજીભાઈ

**(૪૫) મુંડી:-**

મકવાણા લખાભાઈ લઘરભાઈ
મકવાણા માવજીભાઈ ટાભાભાઈ
મકવાણા ઈશ્વરભાઈ ટાભાભાઈ

**(૪૬) સાંઢેડા:-**

ઝાલા તુલસીભાઈ વશરામભાઈ
ઝાલા લીંબાભાઈ લ[illegible]ભાઈ
ઝાલા કરશનભાઈ [illegible]રામભાઈ

**(૪૭) ત[illegible]:-**

સોલંકી લવજીભાઈ ભીખાભાઈ
સોલંકી કનુભાઈ ડુંગરભાઈ
સોલંકી મોહનભાઈ ભીખાભાઈ
સોલંકી અમૃતભાઈ લવજીભાઈ

**(૪૮) પરબડી:-**

હરજીભાઈ ખોડાભાઈ
ધનાભાઈ ભીમાભાઈ

**(૪૯) બાવળીયારી:-**

ઝાલા પુનાભાઈ ઘુડાભાઈ
ઝાલા રાજુભાઈ વીરાભાઈ

**(૫૦) ગુંદાનાપરા:-**

પરમાર હરીભાઈ નારણભાઈ
પરમાર વશરામભાઈ નારણભાઈ
પરમાર દિનેશભાઈ હરીભાઈ

**(૫૧) અંકેવાળીયા:-**

જાંમળીયા લાલજીભાઈ હરીભાઈ
જાંમળીયા મીઠાભાઈ લખમભાઈ
જાંમળીયા ઈશ્વરભાઈ જેઠાભાઈ
જાંમળીયા ખીમજીભાઈ પિતામ્બરભાઈ
જાંમળીયા જયંતિભાઈ દાનાભાઈ
જાંમળીયા સંજયકુમાર ઈશ્વરભાઈ

**(૫૨) છારોડીયા:-**

મહેરીયા રવજીભાઈ બીજલભાઈ
મહેરીયા ભીખાભાઈ રામજીભાઈ (હવાલદાર)
મહેરીયા લાલજીભાઈ બીજલભાઈ
મહેરીયા ખોડાભાઈ ઉકાભાઈ
મહેરીયા મોહનભાઈ ઉકાભાઈ
મહેરીયા મનજીભાઈ રામાભાઈ

**અમદાવાદ શહેર:-**

મકવાણા હિંમતભાઈ ઘુડાભાઈ
મકવાણા કનુભાઈ ભાનુભાઈ
મકવાણા સુરેશભાઈ હરેશભાઈ
મકવાણા બાબુભાઈ વાઘાભાઈ
મકવાણા જસુભાઈ ઘુડાભાઈ
મકવાણા કેશવભાઈ વસરામભાઈ
મકવાણા લખમણભાઈ શીવાભાઈ
મકવાણા કનુભાઈ રાજાભાઈ

મકવાણા ભરતભાઈ ધુડાભાઈ
મકવાણા હરેશભાઈ મગનભાઈ
મકવાણા હરજીભાઈ કાનજીભાઈ
મકવાણા મોતીભાઈ મઘાભાઈ
મકવાણા કલ્યાણભાઈ મઘાભાઈ
ઝાલા પિતામ્બર પરમાભાઈ
જયંતિભાઈ રાજાભાઈ મુર્તી
ઝાલા ત્રીકમભાઈ મઘાભાઈ
ઝાલા પ્રવિણભાઈ ત્રીકમભાઈ
રાસમીયા ગીરીશભાઈ લક્ષ્મણભાઈ
મકવાણા ગણેશભાઈ નાથાભાઈ
મકવાણા હિંમતભાઈ નાથાભાઈ
વીરાણી રતીલાલ વાલાભાઈ
મકવાણા જશાભાઈ જીવાભાઈ
મકવાણા નાગરભાઈ અરજણભાઈ
મકવાણા નાનજીભાઈ અરજણભાઈ
રાસમીયા કરશનભાઈ જશાભાઈ
મકવાણા પાલાભાઈ જેઠાભાઈ
મકવાણા કાનજીભાઈ આલજીભાઈ
મકવાણા બીજલભાઈ જેઠાભાઈ
મકવાણા બનાભાઈ ધુડાભાઈ
મકવાણા ધીરૂભાઈ બચુભાઈ

મકવાણા તુલસીભાઈ ભવાનભાઈ
મકવાણા બાબુભાઈ નાથાલાલ
રાસમીયા દેવજીભાઈ મોતીભાઈ
મકવાણા સુરેશભાઈ લખાભાઈ
મકવાણા કાનાભાઈ માલાભાઈ
મકવાણા વાહણભાઈ ઉકાભાઈ
મકવાણા અનિલકુમાર અમૃતભાઈ
મકવાણા મોહનભાઈ મોતીભાઈ
મકવાણા રમેશભાઈ ગાંડાભાઈ





**બાવનગામ પરગણા અગિયાર ચોપડી મળી નં-૧**

બાવન ગામ વતી ગમે તે સંજોગોમાં નાતનું કામકરી શકશે. તે અગિયાર ગામો નીચે મુજબ છે તે ધંધુકા તથા અગિયાર ચોપડી થી બાવન ગામનો વહીવટ કરી શકશે. અને સર્વ બાવનગામપરગણાએ માન્ય રાખવું પડશે અને મંજુર છે ને ગામોની યાદી નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| (૧) ધંધુકા મુરબ્બી<br>(૨) અડવાળ પાલોઠી<br>(૩) ગુંજાર પાલોઠી<br>(૪) પોલારપુર પાલોઠી | (૫) ભડીયાદ પાલોઠી<br>(૬) બરવાળા અગિયારમાં<br>(૭) આંબલી અગિયારમાં<br>(૮) વાસણા અગિયારમાં | (૯) હેબતપુર અગિયારમાં<br>(૧૦) કંચારીયા અગિયારમાં<br>(૧૧) બળોલ અગિયારમાં |

**ઠરાવ નંબરઃ-૨૭**

આથી ઠરાવ કરવામાં આવે છે કે, શ્રી મુરબ્બી ગામધંધુકા તથા પલોઠીના ગામચાર પૈકી અડવાળ, પોલારપુર, ગુંજાર અને ભડીયાદ કુલ મળીને પાંચ ભાઈ મળી વિતરણ કરેલ ગામો નીચે મુજબના છે.

(૧) ધંધુકાઃ-

(૨) અડવાળઃ- રાયકા,જાળીયા, બાજરડા, ધોળી, બળોલ, હડાળા, ફેદરા,મીઠાપુર, અણદપર, જશાપર, લોલીયા, ગુંદાનાપરા, વખતપર=૧૫

(૩) ગુંજારઃ- મોરસીયા, વાગડ, બરાનીયા, દેવળીયા, સોનઠા, રંગપુર, છશીયાણા, વનાળા, કંચારીયા, વાસણા, છારોડીયા=૧૨

(૪) પોલારપુરઃ- તગડી, ઉંચડી, પીપળ, પરબડી, આકરૂ, ચોકડી, અંકેવાળીયા, બરવાળા, રામપરા, સોઢી=૧૧

(૫) ભડીયાદઃ- રોજકા, ગોરાસુ, ઓતારીયા, હેબતપુર, બાવળીયાળી, સાંઢેડા, મુડી, આંબળી, પીપળી, ગાંફ, પરછમ, ફતેપુરા, હરિપુરા=૧૪

ઠરાવ નંબરઃ- ૨૮

આથી ઠરાવ કરવામાં આવે છે કે, ધંધુકા સહિત બાવન ગામમળીને (નાત) જે અગિયાર ચોપડી નક્કી કરેલ છે. તે નાત ભેગી કરી શકશે. તેમજ બાવન ગામના કોઈ પણ પ્રશ્ન હલ કરવા માટે બાવન ગામમળીને નીચે દર્શાવેલ ગામોને જવાબદારી સોંપેલ છે. જે સર્વાનુમતે મંજુર કરેલ છે.

તા-ક, અગિયયાર ગામની નાત ભેગામળીને જે નિર્ણય કરે તે બાવન ગામગણાશે.

| | |
|---|---|
| (૧) મુરબી ધંધુકા | (૨) અડવાળ |
| (૩) પોલારપુર | (૪) ભડીયાદ |
| (૫) ગુંજાર | (૬) કંચારીયા |
| (૭) બરવાળા | (૮) હેબતપુર |
| (૯) આંબલી | (૧૦) વાસણા |
| (૧૧) બળોલ | |

આભાર દર્શન

[illegible] જ્ઞાતિબંધુઓ,

આપ સર્વે શ્રી બાવન ગામપરગણા ના દુર-દુરના ગામેથી અમારા ધંધુકા મુકામે પધારી નાત-ગંગાના પવિત્ર દર્શનનો લ્હાવો આપી, તેમજ આપ સર્વની ઉમદા સેવા કરવાની અમુલ્ય તક આપી અમને ધન્ય કર્યા છે. અમારા વડિલો તથા અમારી ઘણા વર્ષોની લાગણી, આસ્થા અને ઉર્મિઓને માન આપી. અમારે આંગણે બાવન ગામપરગણાને એકત્ર રાખવા તેમજ [illegible] સામાજિક ભાઈ ચારો જળવાઈ રહે તે માટે નીતિ નિયમો અને બંધારણનું ઘડતર કર્યું. તે આપ [illegible] દેન છે. આપણે સર્વે નાતિલા મળી બનાવેલ નિયમો અને બંધારણનું ચુસ્તપણે પાલન કરવું [illegible] આપણી પવિત્ર ફરજ છે. આપણે બધા મળીને એક સુશિક્ષિત, સ્વાભીમાની અને સ્વમાની [illegible] નિર્માણ કરશું. અમારી સેવામાં કોઈપણ પ્રકારની ક્ષતિ કે ઉણપ જણાઈ હોય તો ક્ષમ્ય ગણી, [illegible] આપ સૌ ઉપસ્થિત મહાનુભાવો અને જ્ઞાતિ બંધુઓનો ખુબ ખુબ આભાર સહ.

**ધંધુકા રોહીદાસ વંશી પંચ.**

તા-૦૬/૦૭/૨૦૧૪
સ્થળઃ- ધંધુકા,
તા. ધંધુકા, જિ. અમદાવાદ.





## સંત રોહીદાસજી ના જાતિ પાતિ તથા સમાજ વ્યવસ્થા અંગે રજુ કરેલ વિચારો

(૧) પરાધિન કો દીન ક્યા, પરાધિન બે દીન,
રૈદાસ પરાધિન કો, સબ હી સમજે હીન.
પરાધિન પાપ હૈ, જાન લેહુ રે મીત,
રૈદાસ પરાધિન કો, કુન કરે હૈ પ્રીત.

જે તમામ પ્રકારે બીજાને આધિન છે, એમનો ગરીબ હોવાનો શો મતલબ છે.? એટલે કે એમને કોઇ માન-સન્માન આપતુ નથી. એમનો કોઇ ધર્મ હોતો નથી. પરાધિન તો તમામ પ્રકારે ગુલામ હોય છે. એનુ મન, શરીર, વાણી, તમામ એના માલીકને આધિન હોય છે. એ એટલે સુધી કે તેઓ પોતાની ઇચ્છા મુજબ જમી પણ શકતા નથી, પહેરી શકતા નથી, ધંધો કરી શકતા નથી. આવા (પરાધિન) ગુલામોને બધા નીચ સમજે છે. ગુલામો માટે આ વ્યવસ્થા પાપ છે. તમે સારી રીતે સમજી લો કે આવા પરાધિન (ગુલામો) વ્યક્તિ સાથે કોણ મિત્રતા કરશે?

રવિદાસજી કહે છે કે હુ એવા રાજ્યની કામના કરુ છુ, કે જેમા બધાને પેટની આગ બુજાવવા માટે પુરતા પ્રમાણમાં અનાજ મળે, રાજ્યના તમામ નાના-મોટા, ગરીબ-અમીર, સજ્જન-દુર્જન તથા શોષક-શોષિત એક બીજાની ભાવનાઓને સન્માન આપી, મીત્રતા પુર્વક રહે, જ્યારે બધાજ લોકોનુ પેટ ભરાયેલુ હશે, બધાના શરીર ઉપર પહેરવા માટે કપડા હશે, બધાને રહેવા માટે ઘર હશે તથા બધાને સમાન અવસર મળશે તો સંત રોહીદાસજી કહે છે કે આવી રાજ્ય વ્યવસ્થા ને આવી વ્યવસ્થાને જોઇને ખૂબ જ પ્રસન્નતા થશે.

(૨) જાતિ-પાતિ કે ફેર મે, ઉલજ રહે સબ લોગ,
માનવતા કો ખાત હૈ, રૈદાસ જાતિ કો રોગ.

(૩) જાત પાત મે જાત હૈ, જ્યો કેલન મે પાત,
રૈદાસ ન માનુષ જુડ શકે, જો લૌ જાન ના પાત.

સામાજિક વ્યવસ્થા કેળાના ઝાડ જેવી છે. જે રીતે કેળાના ઝાડમા પાન (પાંદડા) પછી પાન અને પછી પણ પાન એ રીતે અંત સુધી પાન જ પાન જોવા મળે છે. તેવા જ હાલ સમાજ વ્યવસ્થાના પણ છે. જેમા જાતિ પછી જાતિ એના પછી જાતિ આ પ્રકારે અંત સુધી જાતિ જોવા મળે છે. રોહીદાસજીના વિચારમા માણસ નું માણસ સાથે મિલન ત્યા સુધી સંભવ નથી. જ્યા સુધી જાતિની વ્યવસ્થા સમાપ્ત થશે નહિ.

(૪) જાત પાત કે ફેર મહિ, ઉલઝી રહ્યો સબ લોગ,
માનુષતા કુ ખાત હુઇ, રૈદાસ જાત કર લોગ.


જાતિનો આ રોગ માનવતાને ખાઇ જશે કોઇ જાતિ અથવા
તમામ લોકો જાતિ પાતિ ના ચક્કરમા ઝકડાયેલા છે. કોઇપણ સમાજ જન્મ થવો એ ઉંચા અથવા નીચા વર્ણમાં જન્મ થઇ જવાથી કોઇ વ્યક્તિ ઉચ અથવા નીચ થઇ જતો નથી.
કહેવડાવનો આધાર બની શકે નહિ.

(૫) રૈદાસ જન્મ કે કારણે, હોત ના કોઇ નીચ,
રનકુ કરિ ડારી હૈ, ઓછે કરત કો નીચ.

પરંતુ ફક્ત હલકા કામકારણે જ મનુષ્યનુ સ્તર નીચે
તેઓ કહે છે કે જન્મના કારણે કોઇ વ્યક્તિ નીચ હોતી નથી. જાતિનુ ઘમંડ કરવા વાળાઓને આ
જાય છે. એટલે કે નીચ બનાવે છે. આ પદ દ્વારા જાતિના ઘમંડને ક્યાંયનો છોડયો નથી. સાથે-સાથે જાતિ-પાતિના માધ્યમથી સતાવવામાં આવેલ લોકોનુ
ઉપદેશ પોતાનુ આચરણ સુધારવાની સલાહ આપે છે.
સાહસ વધે છે. એને એક નવી પ્રેરણા પુરી પાડે છે.

- વિચારોમાં પરિવર્તન લાવ્યા સિવાય આચરણમાં પરિવર્તન શક્ય નથી.
- મફતમાં કોઇને માન-સન્માન મળતું નથી.
- કિંમત ચુકવ્યા વગર, પરિવર્તન શક્ય નથી.
- આપણાં મૂલનિવાસી બહુજન સમાજના લોકો એ પોતાની કમાણીનો ૨૦ મો ભાગ (૫ ટકા) સામાજિક પરિવર્તન માટે વાપરવો જોઇએ.

ડૉ. બાબા સાહેબ આંબેડકર



ભારત રત્ન

ડૉ. બાબા સાહેબ આંબેડકર

: જન્મ :
૧૪મી એપ્રિલ ૧૮૯૧

: નિર્વાણ :
૬ઠ્ઠી ડીસેમ્બર ૧૯૫૬

મુદ્રક : છત્રપતિ પ્રિન્ટર્સ - ૬૭, વૃંદાવન શોપીંગ સેન્ટર, ચાંદખેડા, અમદાવાદ.